# ડીસામાં અમીરગઢ અને ગઢ પોલીસે ૧૧૫ લીટર દેશી દારૂ પકડયો

## શહેરમાં હજારો લીટર વિદેશી દારૂ વેચાઈ રહ્યો છે ત્યારે પોલીસે પકડેલો દેશી દારૂ ચર્ચાનો વિષય બન્યો

ડીસા, તા. ૨૯

ડીસા શહેરમાં સ્થાનિક પોલીસની મિલી ભગતથી દેશી દારૂનો ખુલ્લેઆમ વેપલો થઈ રહ્યો છે. જાગૃત નાગરિકોની રજૂઆતો છતાં દારૂ સહિત અસામાજીક પ્રવૃત્તિઓને મામલે શહેર પોલીસ દ્વારા સરેઆમ લાપરવાહી દાખવવામાં આવી છે. ત્યારે જિલ્લા પોલીસ અધિક્ષક યાદવની સૂચનાથી ગઢ અને અમીરગઢ પોલીસની ટીમે ડીસા શહેરમાં ૩૨ જગ્યાએ રેડ કરી દેશી દારૂ અને વોશ સાથે ૯ આરોપીઓને જેલના હવાલે કર્યા હતાં.

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અશોક યાદવની સૂચનાથી અમીરગઢ અને ગઢ પોલીસની ટીમે ડીસા શહેરમાં દેશી દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવ્યો હતો. પોલીસે ૩૨ જગ્યાએ રેડ કરી ૯ આરોપીઓને ઝડપી લીધા હતા. રેડ દરમ્યાન કુલ ૧૦૦ લીટર દેશી દારૂ અને ૧૫ લીટર વોશ મળી રૂ.


(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

૨૦૪૫ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો અને પ્રોહીબીશનના ૭ કેસ બનાવ્યા હતા. પકડાયેલ આરોપીઓમાં કમલાબેન મેરૂજી ઠાકોર, કમલાબેન નગાજી ઠાકોર, સુખદેવ ઉર્ફે રાજસિંહ, ભુરાજી જેસુંગજી ઠાકોર, ચંપાબેન કપરુજી, ભરતજી નાગરજી ઠાકોર, ટીનાબેન ફૂલાભાઈ વાદી, અર્જુન મણીલાલ માજીરાણા, મીનાબેન સોમાજી કોળીને ઝડપી લીધા હતા. જો કે ડીસા શહેરમાં દેશી વિદેશી દારૂનો ધંધો બેફામ રીતે ફાલ્યો ફૂલ્યો છે. દેશી દારૂ કરતાંય વિદેશી દારૂના વેચાણનો આંકડો ઉંચો છે તેમ છતાં પોલીસે સોમવારે કરેલી રેડમાં કરેલ માત્ર ૭ કેસ ચર્ચાનો વિષય બન્યા હતા. કેમકે ડીસામાં ૨૦૦ થી ૫૦૦ લીટર દેશી દારૂ તો માત્ર એક જ અડ્ડા પર રોજનો વેચાતો હોવાનો અંદાજ છે છતાં રેડ દરમ્યાન પોલીસે ૧૦૦ લીટર દેશી દારૂ અને ૧૫ લીટર વોશ મળી કુલ ૧૧૫ લીટર મુદ્દામાલ કબ્જો કર્યો. શહેરમાં દિન દહાડે હજારો લીટર દેશી દારૂ અને વિદેશી દારૂ વેચાતો હોવા છતાં પોલીસે માત્ર ૧૧૫ લીટર મુદ્દામાલ કબ્જે લઈ માત્ર બનાવવા ખાતર કેસ બનાવ્યો હોવાનું શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે. બનાસકાંઠા પોલીસ વડા જિલ્લામાંથી અસમાજીક પ્રવૃત્તિઓ ડામવા માગી રહ્યા છે ત્યારે પોલીસનો જ પૂરતો સહકાર ન હોવાનું જાહેર થઈ રહ્યું છે. એટલે જિલ્લા પોલીસ વડાએ બનાસકાંઠા પોલીસની નબળી નસને પણ પકડવી પડશે. તો જ પોતાનું સ્વપ્ન સિદ્ધ થઈ શકશે.

## ગુજરાતમાં ૩૧મીએ ભાજપ દ્વારા બંધનું એલાન

અમદાવાદ, તા. ૨૯

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ તેમજ પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વમાં કાર્યરત ભ્રષ્ટ સરકારે પેટ્રોલની કિંમતમાં રૂ. ૭.૫૦ના કરેલા ભાવ વધારાને પરત ખેંચવાની માંગણી સાથે એન.ડી.એ દ્વારા અપાયેલા ૩૧મી મેના ભારતબંધના એલાનને ટેકો આપી ગુજરાતના પ્રજાજનોને શાંતિપૂર્ણ બંધ પાળી ભાવવધારાનો ભોરીંગ સર્જી જનજીવનને તબાહ કરવામાં ડૂબેલી કોંગ્રેસને ખુલ્લી પાડવા અપીલ કરી છે.

શાસનની અણઆવડતનો ભોગ પ્રજાને બનવવાની કોંગ્રેસની પ્રજા વિરોધી ચાલને ગામે-ગામ સ્વયંભુ શાંતિપૂર્ણ બંધ પાળી પ્રજાએ 'રૂકજાવ' કહેવાનો સમય પાકી ગયો છે. કોંગ્રેસના નેતાઓ ભાવવધારાને ડામવાને બદલે પોતાના પાપનું ઠીકરું રાજયની સરકારો પર ફોડવાનો પ્રયાસ કરે છે તેનાથી સત્યને અસત્ય કરી શકાવાનું નથી.

દેશની પ્રજાએ એન.ડી.એ. ના સ્થિર અને છતના શાસનને જોયું છે અને અનુભવ્યું છે. કોંગ્રેસનું શાસન એ અછત અને ભાવવધારાનું શાસન છે તે પણ અનુભવ્યું છે અને અનુભવી રહી છે.


સાબરકાંઠા જિલ્લાના ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના ઊંડાણના વિસ્તારો તથા તાલુકા સ્તરના નાના શહેરોમાં રિક્ષાઓ, પ્રાઈવેટ લકઝરીઓ તથા જીપોના શટલિયા ચાલકો પોતાના વાહનમાં મુસાફરોનો ઘેટાં-બકરાંની જેમ ભરી ભારે જોખમી સવારી કરાવે છે. ત્યારે હપ્તાખાઉ ટ્રાફિક પોલીસ તંત્ર અને તેના અધિકારીઓ ઘટનાથી વાકેફ હોવા છતાં ગાંધીજીના ત્રણ વાંદરાની જેમ પોતાની પ્રતિક્રિયા આપે છે ત્યારે ટ્રાફિક તંત્રએ આંખ, કાન અને મોં ખોલી બેફામ રીતે વાહનો હંકારી લોકોની જીંદગી સાથે ખિલવાડ કરતા શટલીયા ચાલકો પર કડક હાથે કાર્યવાહી કરવી જરુરી બની છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ગાંભોઈ ચાર રસ્તે ટ્રક પાછળ કાર ઘુસી જતા મહિલાનું મોત

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ ચાર રસ્તા પર સોમવારે મોડી રાત્રે એક ટ્રકના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવતી મારૂતિ કાર ટ્રક પાછળ ઘુસી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી જ્યારે મહિલાનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

ગાંભોઈ પોલીસમથકના ઈન્ચાર્જ પી.એસ.આઈ. એ.કે. વાળાએ જણાવ્યું હતું કે અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા બ્રાહ્મણ પરિવાર સોમવારે મારૂતિ સ્વીફટ કાર નં જીજે-૧-કે.પી.૮૮૧૧ લઈ શામળાજી દર્શન કરવા ગયા હતા અને જે રાત્રીના પરત અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન રાત્રીના ૯ વાગ્યાના સુમારે હિંમતનગર શામળાજી નેશનલ હાઈ-વે નંબર ૮ પર આવેલ ગાંભોઈ ચાર રસ્તા પર કાર આગળ જઈ રહેલા ટ્રક ટ્રેલર આર.જે.-૧૪-જીસી-૭૯૨૭ના ચાલક બનવારીલાલ ફૂલચંદ યાદવે અચાનક બ્રેક મારી ટ્રક ટ્રેલર ઉભું કરી દેતા કાર ટ્રક પાછળ ઘુસી જતા કારમાં બેઠેલ મુસાફરો પૈકી અંદાજે ૫૦ વર્ષીય મહિલા પલ્લુબેન ભટ્ટને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું ઘટનાસ્થળે જ ભારે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા ગાંભોઈ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદમાં તમામને અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા.

# નકલી સોનુ પધરાવી વેપારીને મૂર્ખ બનાવતી મહિલા વિરૂદ્ધ ફરિયાદ

પાલનપુર પંથકમાં સોના-ચાંદીની દુકાનોમાં આગવી સ્ટાઈલથી છેતરપીંડી કરવાના બનાવોને સમર્થન આપતી એક ઘટના આજે બનવા પામેલ છે. શહેરના રેલવે પુલના પશ્ચીમ છેડે આવેલી ન્યુદાગીના નામની દુકાનમાં સાંજે એક હિન્દી ભાષી મહિલા સોના જેવી ધાતુની બુટ્ટી (જુમ્મર) લઈને આવેલ. તેની સામે પૈસા અથવા તેના જેટલા બીજા દાગીના (સોનાની ચેન) માંગેલ. ત્યારે આજ દુકાનમાં આજથી સાતેક માસ અગાઉ આવી જ બે બુટ્ટી લઈને આવેલી તેની સામે જે તે વખતે પરપ્રાંતિય મહિલા ચેન (અસલી સોનાની) લઈ ગયેલ. તે જુમ્મર નકલી નીકળેલ. તેવી જ ડીઝાઈનવાળા જુમ્મર આજે આ પરપ્રાંતિય મહિલા લઈને આવેલ તેને એસિડમાં નાંખી ચેક કરતાં સોનુ ના હોવાનું જાણવા મળતા વેપારી સુરેશભાઈ માનચંદ શાહ રહે. ત્રીશલા પાર્ક, અંબિકાનગર તેણીનીને પકડી શહેર પોલીસ સ્ટેશને જાણ કરી હતી. ત્યારે સીટી પો.ઈન્સ ડી. કે. ભોઈ અને સ્ટાફે આ મહિલાને પોલીસ સ્ટેશને લાવી પૂછપરછ હાથ ધરેલ. તેણીનું નામ અનિતા સચિનકુમાર રહે.શાંતિનગર ટાંકી પાસે, ડીસા હોવાનું અને તેનો પતિ કાપડની ફેરી કરતો હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઘટના અંગે પાલનપુર સીટી પોલીસ સ્ટેશને વેપારી સુરેશ શાહે આ મહિલા વિરૂદ્ધ ફરિયાદ આપતાં પોલીસે આ અનિતા જે સોના જેવી બુટ્ટીઓ લાવેલ તે ૧૦ ગ્રામ ૭૦૦ મી.લી.ની જપ્ત કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સ્ટુડન્ટ વીઝાની ફી ચાંઉ કરી જતો ઈસમ પોલીસના હાથે ઝડપાયો

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગરના દુર્ગા બજારમાં વિઝા કન્સલટન્સીનું કામ કરતા એજન્ટ અને ઈડર તાલુકાના ભદ્રેસર ગામના સ્ટુડન્જ વિઝા માંગનાર યુવાન સાથે રૂ. ૪.૨૩ લાખની છેતરપીંડી કરનાર ઈસમને સોમવારે વહેલી સવારે પોલીસે ઝડપી પાડી કોર્ટમાં રિમાન્ડની તજવીજ હાથ ધરી હતી. જેમાં કોર્ટે રિમાન્ડ ના મંજુર કરી ઈસમને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના પરેશકુમાર પ્રવીણભાઈ પટેલની શ્રી હરિ કન્સલ્ટન્ટની ઓફિસ હિંમતનગર શહેરના દુર્ગા બજારમાં આવેલી છે. પરેશ પટેલને ઈડર તાલુકાના ભદ્રેસર ગામના વિપુલ નરસિંહભાઈ દેસાઈના ઓસ્ટ્રેલિયાના સ્ટુડન્ટ વીઝા મૂળ રહેવાસી ધુળાભાઈની માઢ, લૂણાવાડા જિ. પંચમહાલ અને હાલ અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલ કોમ્પ્લેક્ષમાં ઓવરસીસ ઓફિસના પ્રતિક મહેન્દ્રભાઈ પંડયા પાસે કરાવવાનું નક્કી કરેલ ફાઈલ કરવા માટે તમામ દસ્તાવેજો પણ આપી દીધા હતા. ગત તા. ૧૧-૬-૨૦૧૧ના રોજ પરેશ પટેલે વિઝા માટેની ફી અમદાવાદના પ્રતિક પંડયાને હિંમતનગર પોતાની ઓફિસમાં રૂ. ૪.૨૩ લાખ રોકડા આપ્યા હતા જે વિપુલ દેસાઈના ઓસ્ટ્રેલિયાના સ્ટુડન્ટ વિઝાની ફાઈલ ગત ૫-૯-૨૦૧૧ના રોજ રીજેકટ થઈ હતી તેથી પરેશ પટેલે અમદાવાદના પ્રતિક પંડયા પાસે આપેલી વીઝા ફી પેટેની રકમ પરત માગી હતી. જેથી પ્રતિક પંડયાએ ૧૫ દિવસમાં આપી દઈશ પણ ફી પરત આપી ન હતી અને થોડા સમય બાદ પ્રતિક પંડયાનો મોબાઈલ બંધ થઈ ગયો હતો અને પ્રતિક પંડયા નાસી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. પરિણામે પરેશ પટેલે રવિવારે હિંમતનગર ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી હિંમતનગર ટાઉન પોલીસના પી.એસ.આઈ. રાવલે સોમવારે સ્ટાફના માણસો સાથે લુણાવાડા જઈને છેતરપીંડી કરનાર પ્રતિક પંડયાને તેના ઘરેથી ઊંઘતો પકડી પાડી કોર્ટમાં રીમાન્ડની તજવીજ હાથ ધરી હતી જયાં કોર્ટે રીમાન્ડ ના મંજુર કરી આરોપીને જેલના હવાલે કરી દીધો હતો.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

| સાબરકાંઠા જિલ્લામાં | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| **મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં** | | |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

# માણસા ગામની લાચાર વિધવા પર નરાધમનું દુષ્કૃત્ય : મહિલાની પોલીસ ફરિયાદ

માણસા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં રહેતી એક વિધવા મહિલા પર તેના જ બાળકોની હાજરીમાં એક નરાધમે તમામ માનવતાની હદો વટાવી મહીલા પર બળાત્કાર ગુજારી તારી દીકરીને પણ છડે ચોક બળાત્કાર કરી આવા જ હાલ હવાલ કરવાની ધમકી આપતા બળાત્કારનો ભોગ બનનાર મહિલાએ માણસા પોલિસ મથકમાં બળાત્કારી ઈસમ સામે ફરિયાદ નોંધાવતા પોલિસે ઈસમની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર અમદાવાદના હાસોલની જમનાબેન (નામ બદલેલ છે) ના ૧૩ વર્ષ અગાઉ ભાવનગરના ભરતભાઈ શાહ સાથે લગ્ન થયા હતા પરંતુ તેઓનું એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું તે સમયે મહિલાને એક દિકરી પણ હતી. બાદમાં આ મહિલાએ બીજા લગ્ન કર્યા હતા દરિયાન તમેણે એક દિકરી અને દિકરાને જન્મ આપ્યો હતો પરંતુ તેના પતિ પ્રાઈવેટ હોસ્પિટલમાં મામુલી પગારમાં નોકરી કરતા હોવાથી ત્રણ સંતાનો સાથે પાંચ લોકોનું ભરરણ પોષણ કરવું મુશ્કેલ હોઈ મહિલાએ મજબુરીમાં દેહ વિક્રય શરૂ કર્યો હતો. દરમિયાન તેના પતિનો મિત્ર જગદીશ ભગવાનભાઈ પટેલ રહે. રાણીયાપુરા, માણસાવાળાએ મહિલાના ઘરે આવી 'તું આ દેહ વિક્રય છોડી દે હું તારા પરિવારનું ગુજરાન કરીશ' જેવી વાતોમાં આવી જઈ મહિલાએ આની સાથે સંબંધ બાંધ્યો હતો. આથી આ ઈસમ અવાર નવાર મહિલાના ઘરે આવી તેની સાથે શરીર સુખ માણતો હતો. તેવામાં આ બદનસીબ મહિલાનો બીજો પતિ પણ દોઢ વર્ષ અગાઉ બીમારીથી મરણ પામતા તે બીજી વાર પણ વિધવા બની હતી. હવે આ નરાધમ જગદીશની નજરે હવે તેની અગિયાર વર્ષની દીકરી નિશા (નામ બદલેલ છે) પર બગડી અને પરિવારનું ગુજરાન ચલાવવા નોકરી કરતી આ મહિલા નોકરી પર ગઈ હતી દરમિયાન આ નરાધમે મહિલાના ઘરે આવી તેની દીકરી પાસે અશ્લીલ માંગણીઓ કરતો હતો જેની વાત તેણીએ પોતાની માતાને કરતા દીકરીને ઉઠાવી જવાની ધમકી આપી હતી. જયારે ગત રોજ આ નરાધમે મહિલાના ઘરે આવી મહિલા પાસે અશ્લીલ માંગણી કરી હતી જેની મહિલાએ ના પાડતા ઉશ્કેરાયેલા નરાધમે તમામ ભાન ભૂલી ત્રણેય સંતાનો સામે મહિલા પર બળાત્કાર ગુજાર્યો હતો અને તારી દિકરી સાથે પણ આવું જ કરીશ તેવી ધમકી આપતા ગભરાયેલી મહિલાએ માણસા પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે આ નરાધમને ઝડપી લઈ તેના વિરુધ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર ખાતે છેલ્લા ઘણા સમયની રોડની મરામતનું કામ બહુ જ ધીમીગતિ ચાલતું હોવાથી વાહનચાલકો હેરાન-પરેશાન થઈ ગયા છે. પાલનપુરની જનતાનું કહેવું છે કે, આ અંગે જો સરકાર કઈ નિર્ણય લે અને રોડના રીપેરીંગનું કામકાજ જલદી થાય તો આમજનતાની પરેશાનીમાંથી મુક્ત થાય.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮